અપીલ અરજી નં.૪૨ તા.૧૬–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી જયશ્રીબેન જયેન્દ્રકુમાર સુરતી

સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયશ્રીબેન જયેન્દ્રકુમાર સુરતીની તા.૧૧–૨–૦૯ તથા તા.૧૨–૨–૦૯ ની અરજીઓથી માંગેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૬૬ તથા તા.૯–૪–૦૯ તથા નં.સા.ઝોન/એસ્ટા/૬૭ તા.૯–૪–૦૯ ના અનુસંધાને માંગેલ માહિતી નહીં મળવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૫–'૦૯ ની અપીલ અરજી નં.૪૨/૨૦૦૯–૧૦

શ્રી જયશ્રીબેન જયેન્દ્રકુમાર સુરતીની તા.૧૧–૨–૦૯ તથા તા.૧૨–૨–૦૯ ની અરજીઓથી માંગેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૬૬ તથા તા.૯–૪–૦૯ તથા પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૬૭ તા.૯–૪–૦૯ ના અનુસંધાને માંગેલ માહિતી નહીં મળવા બાબતે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને તા.૧૧–૨–૦૯ ની તથા તા.૧૨–૨–૦૯ ની મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૫ તા.૨૮–૫–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/મહેકમ/આ.નં૩૭૧ તા.૧–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નં.સા.ઝોન/એસ્ટા/૩૪૬ તા.૨૮–૫–૦૯ તથા નં.સા.ઝોન/એસ્ટા/૬૬ તા.૯–૪–૦૯ તથા નં.સા.ઝોન/એસ્ટા/૬૭ તા.૯–૪–૦૯ ના પત્રથી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ રજૂ કરેલ છે. અરજદારની તા.૧૧–૨–૦૯ ની આઈ ડી નં.૪૯૩ તા.૨૩–૩–૦૯ ની અરજી તથા તા.૧૨–૨–૦૯ ની આઈ ડી નં.૪૯૪ તા.૨૩–૩–૦૯ ની અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩/૫–૬–૦૯ ના રોજ પત્રથી અરજી ફી તા.૯–૧–૦૯ તથા તા.૧૭–૧–૦૯ ના રોજથી મનીઓર્ડરથી ફી ભરપાઈ કરેલ પહોંચની ઝેરોક્ષ રજૂ કરેલ છે તથા દસ્તાવેજ ફીના રૂા.૨૪/– નો મનીઓર્ડર જાહેર માહિતી અધિકારીને કર્યાની અને તેઓ કક્ષાએથી પરત થયાની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૧–૨–૦૯ ની અરજી અંગે તા.૨૩–૩–૦૯ ના રોજ રસીદ નં.૩૫૯૯૧૧ થી રૂા.૨૦/– ભરપાઈ કરી આઈ ડી. નં.૪૯૩ તા.૨૩–૩–૦૯ ના રોજ નોંધાયેલ છે જેમાં અરજદારે માંગણી મુજબની માહિતી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/એસ્ટા/૬૭ તા.૯–૪–૦૯ થી તથા નં.સા.ઝોન/એસ્ટા/૩૪૬ તા.૨૮–૫–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડયાની નકલ રજૂ કરેલ છે. તથા તા.૧૨–૨–૦૯ ની અરજી અંગે તા.૨૩–૩–૦૯ ના રોજ રસીદ નં.૩૫૯૯૧૨ થી રૂા.૨૦/– ભરપાઈ કરેલ છે તેવું અત્રે રજૂ કરેલ અરજીની નકલમાં જણાવેલ છે. જેમાં અરજદારે સસ્પેન્ડેડ કર્મચારી શ્રી જયેન્દ્ર ચંદુલાલ સુરતીનો ખુલાસો માગી પ્રાથમિક કાર્યવાહી હાથ ધરવામાં આવેલી. મજકુર કર્મચારી પાસેથી લેખિતમાં ખુલાસો માંગવામાં માટે થયેલ કાર્યવાહીની માહિતી અરજદારે માં ગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૨–૨–૦૯ ની અરજી અંગે નં.સા.ઝોન/મહેકમ/૨૫૫૮ તા.૨૪–૨–૦૯ ની અરજદારે રજૂ કરેલ નકલમાં પણ સા.ઝોન/એસ્ટા/૨૧૮૫ તા.૧૫–૧–૦૯થી માહિતી આપવામાં આવેલ છે તેમજ નં.સા.ઝોન/એસ્ટા/૩૪૬ તા.૨૮–૫–૦૯ ના પત્રમાં સંદર્ભ–૩ માં પણ તેનો ઉલ્લેખ કરેલ છે જે જાહેર માહિતી અધિકારીએ પાઠવેલ પત્રમાં જણાવેલ છે તથા નં.સા.ઝોન/એસ્ટા/૬૭ તા.૯–૪–૦૯ ના પત્રથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મજકુર બાબતે વડોદરા મહાનગરપાલિકા સેવાસદનના પત્રની નકલ માટે ૧૨ પેઈજના પેઈજ દીઠ રૂા૨/– લેખે રૂા.૨૪/– દસ્તાવેજ ફી જમાં કરાવ્યેથી અને તેના આધાર અત્રે રજૂ કરી જરૂરી નકલો પહોંચાડવાની કાર્યવાહી કરવામાં આવશે તેવું જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે અપીલ તબકકે રૂા.૨૪/– તા.૬–૫–૦૯ ના રોજ સુરત હેડ પોસ્ટ ઓફિસ મારફતે મોકલેલ હોવાની રસીદ રજૂ કરેલ છે. તેમજ અપીલ તબકકાની રજૂઆત પત્રમાં પણ જણાવેલ છે કે અમો અરજદારે રૂા.૨૪/– મનીઓર્ડર મોકલેલ ફી સાઉથઝોન ઉધના કચેરીએ અમને કોઈ પણ લેખિત જાણ કર્યા વિના પરત મોકલી આપેલ છે જે અરજદારે અપીલ તબકકે સદર માહિતી બાબતે તકરારનો મુદ્દો રહે છે. વિગત જોતાં અરજદારે મની ઓર્ડરના રૂા.૨૪/– મોકલ્યાનો પુરાવો રજૂ કરેલ છે. અને પરત થયાની વિગત પણ જણાવેલ છે. પરંતુ મની ઓર્ડર સાથે આઈ ડી. નંબર અને તારીખ જણાવી નિશ્ચિત કઈ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના કયા પત્ર અન્વયે મની ઓર્ડર મોકલેલ છે તેવી કોઈ વિગત મની ઓર્ડર સાથે જાહેર માહિતી અધિકારીને મોકલ્યાનું જણાતું નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ચોકકસ આઈ ડી.નંબર અને અરજીની વિગતની અનુપસ્થિતિમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએ દસ્તાવેજ ફી સ્વીકારવાનું અને સમય મર્યાદામાં માહિતી મોકલવાનું વહીવટી રીતે સરળ રહે નહીં. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે આરટીઆઈના નિયમ–૪ અને ૫ ની જોગવાઈ અનુસાર ઠરાવેલ ફી નિયમ–૩ માં નિર્દિષ્ટ પ્રકાર પે ઓર્ડર, રોકડ, કે ડીમાન્ડ ડ્રાફટથી ભરપાઈ કરવાની જોગવાઈ છે તેમાં પણ અરજીનો સંદર્ભ હોવો અનિવાર્ય થઈ પડ છે. જેથી કાયદાનું હાર્દ અને ઉદેશો જાળવી સમય મર્યાદામાં નિકાલ કરી શકાય.

સમગ્ર વિગત જોતાં અરજદાર કક્ષાએથી તેનું પાલન થયાનું પ્રથમ દર્શી રીતે જણાતું નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએ કોઈ પણ તબકકે માહિતીનો ઈન્કાર કર્યાનું જણાતું નથી. તા.૨૪–૨–૦૯ ના પત્રથી જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતર તપાસણી માટે પણ તક આપ્યાનું જણાય છે.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી આપવા જોગ દસ્તાવેજી નકલ અંગે નિશ્ચિત આઈ ડી.નંબર અને તારીખ સહિત જાહેર માહિતી અધિકારીના ફી ભરવા જણાવેલ પત્ર નંબર તારીખના ઉલ્લેખ સહિત દસ્તાવજે ફી જમા કરાવી માહિતી મેળવી લેવા અરજદારને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ – ૦૯

*ઈ.ચા.એપેલેટ ઓફિસર*
*ડાયરેકટર ઓફ પ્લાનીંગ*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયશ્રીબેન જયેન્દ્રકુમાર સુરતી,કેર ઓફ/ભારતસિંહ અભેસિંહ સોલંકી,નાગરવાડા, નવી ધરતી, હરીજનવાસ, શ્રી અંબિકા પ્રો.દુકાન સામે,રાવપુરા, વડોદરા–૧.,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.